# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-01-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-ભુવનેશ્વર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં હાજરી આપશે. આ પ્રસંગે, તે લગભગ 75 દેશોના મોટી સંખ્યામાં **NRI** ને સંબોધિત કરશે. બુધવારથી શરૂ થયેલી આ ત્રણ દિવસીય પરિષદનો આજે છેલ્લો દિવસ છે. ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પરિષદનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુ વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટે પ્રવાસી ભારતીય સન્માન પણ એનાયત કરશે. આ પુરસ્કાર બિન-નિવાસી ભારતીય, ભારતીય મૂળના વ્યક્તિ અથવા **NRI** ને આપવામાં આવે છે. અથવા તે **PIO** દ્વારા સ્થાપિત કોઈપણ સંગઠન અથવા સંસ્થાને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

------------------------------------------------------------------------------------------

## કેનેડામાં ભારતીય મૂળના સાંસદ

કેનેડામાં જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ પ્રધાનમંત્રી પદ માટે ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યએ પોતાની ઉમેદવારીની જાહેરાત કરી છે. તેઓ ઓટાવાથી લિબરલ પાર્ટીના સાંસદ છે. શ્રી આરીએ વચન આપ્યું છે કે જો તેઓ પ્રધાનમંત્રી બનશે, તો તેઓ ગ્રાહક કાર્બન ટેક્સ નાબૂદ કરશે અને કેનેડાને પ્રજાસત્તાક બનાવવા તરફ આગળ વધશે. શ્રી આર્ય કર્ણાટકના ટુમકુર જિલ્લાના દ્વારલુ ગામના છે. તે 2006 થી કેનેડામાં સ્થાયી થયો હતો. 2015 ની કેનેડિયન ફેડરલ ચૂંટણીમાં તેઓ નેપિયન માટે સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૯ અને ૨૦૨૧ ની ચૂંટણીમાં તેઓ ફરીથી જીત્યા. તેઓ હાલમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરની સ્થાયી સમિતિના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.

---

## બાળકો માટે સ્માર્ટ ફોન વપરાશ માટે ગાઇડ લાઇન

સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાતના બાળકો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે રાજ્ય સરકાર શિક્ષકો-વાલીઓ અને બાળકો માટે ગાઈડલાઈન રજૂ કરશે. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેની એક બેઠકમા આ મુજબ જણાવ્યું હતું. સ્માર્ટફોનના વધુ પડતાં વપરાશને લીધે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરતાં મંત્રીએ જણાવ્યું કે, બાળકો - વાલીઓ અને શિક્ષકો અને સિવિલના મનોચિકિત્સકની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે.

---

## ગુજરાત બોર્ડની પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 27મી ફેબ્રુઆરીથી 13મી માર્ચ સુધી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષ લેવામાં આવશે જેમાં કચ્છમાં એસએસસીના સંવેદનશીલ 9 કેન્દ્રોમાં કુલ 18 શાળાઓનો સમાવેશ થાય છે એસએસસીની પરીક્ષા ભુજ, ગાંધીધામ અને નખત્રાણા ઝોનમાં લેવાશે, જેમાં ભુજ ઝોનમાં 11, ગાંધીધામ ઝોનમાં 13 અને નખત્રાણા ઝોનમાં 12 મળીને કુલ 36 પરીક્ષા કેન્દ્રો છે. ભુજ ઝોનની 55 પરીક્ષાની ઈમારતોના 336 બ્લોકમાંથી 8650, ગાંધીધામ ઝોનની 45 પરીક્ષાની ઈમારતોના 432 બ્લોકમાંથી 12151, નખત્રાણા ઝોનની 41 પરીક્ષાની ઈમારતોના 225 બ્લોકમાંથી 6145 મળીને કુલ 26946 વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી છે.

---

## PGVCL – ઉત્તરાયણ વખતે સાવચેતી

પીજીવીસીએલ ભુજ દ્વારા આગામી ઉત્તરાયણ પર્વ નિમિતે સાવચેતીના ભાગરૂપે જરૂરી પગલા લેવા જણાવાયું છે.

ઘરની આજુબાજુ કે કોઈપણ જગ્યાએ થાંભલા કે વીજળીના તારમાં અટવાયેલા પતંગ લેવા માટે લાકડી કે લોખંડના સળિયા વડે તેને કાઢવાની કે ત્યાં ચડવાનો પ્રયાસ કરવો નહિ તેમ જણાવાયું છે. મેગ્નેટિક ટેપ, સિન્થેટીક દોરી કે વીજવાહક માંજા તથા અન્ય વાયરોનો ઉપયોગ ન કરવો કેમકે તેનાથી પાવરની જાહેર લાઈન કપાઈ જવાનો ભય સેવાય છે, જેના લીધે અંધારપટ છવાઈ જવાની તેમજ વીજ અકસ્માત થવાની શક્યતા રહે છે. ઉપરાંત વીજ અંગેની કોઈપણ ફરિયાદ માટે ટોલ ફ્રી નં 1800 233 155 333 અથવા 19122 પર ફોન કરવા જણાવાયું છે.

---

## ભુજ ખાતે નવનિર્મિત સ્મશાનગૃહનું લોકાર્પણ

ભુજ નગરપાલિકા દ્વારા નવનિર્મિત ખારીનદી સ્મશાનગૃહનું આજે શુક્રવારે સવારે સાંસદ વિનોદ ચાવડા અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકી અને કારોબારી ચેરમેન મહીદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, 15મા નાણાપંચની ગ્રાન્ટમાંથી નગરપાલિકાએ બાંધકામ કર્યું છે. જે હવે ભૂતનાથ સેવા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા મોક્ષધામથી સંચાલન કરવામાં આવશે જેમાં લાકડા અને ગેસથી સંચાલિત સગડી હશે.

---

## દિલ્હી ખાતે પરેડમાં કેરાનો વિદ્યાર્થી

ભુજ તાલુકાના કેરા પાસે આવેલી એચ.જે.ડી ઇન્સ્ટીટ્યુટમાં ચાલતી એનસીસી આર્મી વિંગનો કેડેટ રવિરાજસિંહ સોલંકી 26 જાન્યુઆરીના દિલ્હીના કર્તવ્ય પથ પર પરેડમાં ભાગ લઇ કચ્છનું ગૌરવ વધારશે. દિલ્હી ખાતે યોજાતી પરેડમાં દેશ આખામાંથી કેડેટસ ભાગ લે છે જેમાં રવિરાજસિંહની પસંદગી થઇ છે. અત્યારે તે દિલ્હી ખાતે પરેડનું રિહર્સલ કરી **રહ્યો** છે.

---